# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# WEATHER

હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીરસોમનાથ, સહિત દક્ષિણ ગુજરાતના નર્મદા, તાપી અને સુરતમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે નવસારી, ડાંગ, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ અતિભારે વરસાદની સંભાવના છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 21 જિલ્લાના 95 તાલુકામાં હળતોથી મધ્યમ વરસાદ નોંધાયાના અહેવાલ છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 127 ટકા વરસાદ વરસ્યો છે. આમાંથી સૌથી વધુ 183 ટકા વરસાદ કચ્છમાં, 132 ટકા દક્ષિણ ગુજરાતમાં અને 130 ટકા સૌરાષ્ટ્ર ઝોનમાં ખાબક્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ સંપૂર્ણ ભરાવવા આવ્યો છે. હાલમાં રાજ્યના 155 બંધ હાઈ-અલર્ટ, 11 બંધ અલર્ટ અને આઠ બંધ ચેતવણી પર રખાયા છે.

----------------

## Rain Overall

હાલ રાજ્યમાં છૂટા છવાયા વિસ્તારમાં હળવો થી ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં ભારે

પવન અને ગાજવીજ સાથે સરેરાશ 4 ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.તો સુખી ડેમના 3 દરવાજા 3 ફૂટ જેટલા ખોલી ભારાજ નદીમાં પાણી છોડાયું હતું.

તો બીજી તરફ ઉપરવાસમાં વરસી રહેલા વરસાદને કારણે સરદાર સરોવરની ડેમની સપાટી વધતાં નર્મદા નદીમાં 1.25 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આજે સવારે ડેમની સપાટી 138.37 મીટર એ પહોંચી હતી.જેના કારણે વડોદરા જિલ્લાના નર્મદા નદી કિનારાના ગામોને એલર્ટ કરાયા છે. સાથે જ વાઘોડિયા નજીક આવેલ દેવ ડેમમાં સતત થઈ રહેલી પાણીની આવકના કારણે વાઘોડિયા અને ડભોઇ તાલુકાના 11 અને હાલોલ તાલુકાના 6 ગામને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, દેવ ડેમની જળ સપાટી 89.65 મીટરે પહોંચી ગઈ છે.

-------------------

## SABARKANTHA ACCIDENT

સાબરકાંઠામાં હિમંતનગર હાઇવે પર થયેલા એક માર્ગ અક્સમાતમાં 7 લોકોના મોત થયાના અહેવાલ છે.

અમારા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે આ મુસાફરો શામળાજીથી અમદાવાદ જઈ રહ્યા હતા. દરમિયાન કાર ટ્રેલરની પાછળ અથડાતા તેમના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે એકની હાલત

ગંભીર છે. તમામ મૃતકો અમદાવાદના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત અંગેના સમચાર મળતા હિમ્મત નગર પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી હતી.

-------------------

## MAHISAGAR YOUTH DEATH

મહિસાગર જિલ્લામાં પાનમ નદીના પાણીમાં તણાતા એક યુવાનનું મોત થયું છે.

અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે મૃતક યુવાન ખલાસપુર ગામનો વતની હતો અને સંબંધીના ઘરે જઈ રહ્યો હતો, દરમિયાન ચનસર બેટમાંથી પસાર થતા તણાયો હતો. લુણાવાડા નગરપાલિકાની ફાયર ટીમે યુવાનુની શોધખોળ કરી હતી. જોકે આજે વહેલી સવારે પાનમ બ્રિજ પાસેથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો.

-------------------

## BOTAD RAILWAY

બોટાદ જિલ્લામાં બોટાદ રેલવે સ્ટેશનથી કુંડલી તરફના રેલવે ટ્રેક પર લોખંડના ટુકડાથી એન્જિનને નુકસાન થયું હોવાના અહેવાલ છે. તેના

કારણોસર વહેલી સવારે ઓખાથી ભાવનગર જઈ રહેલી ટ્રેન પાટા પર અવરોધાઈ હતી. ત્યારબાદ રેલવે પોલીસે આ સમગ્ર મામલે ટ્રેન ઉથલાવવાની આશંકાની દિશામાં તપાસ શરૂ કરી છે. બોટાદ અને કુંડલી ગામ વચ્ચે આ ઘટના બની હતી. બોટાદ DYSP, PI, રેલવે પોલીસ RPF, સહિતના રેલવે અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

(BYTE – POLICE OFFICER - મહર્ષિ રાવલ, બોટાદ, ડીવાયએસપી)

----------

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 29મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનું આ 114મું સંસ્કરણ હશે. આ કાર્યક્રમ આપ આકાશવાણી, દૂરદર્શન, A.I.R. ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એર મોબાઇલ એપ્લિકેશન પર સાંભળી શકશો. ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિંદી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુ-ટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરંત બાદ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

## NAVSARI-VAGHAI KRUSHI VIGNAN KENDRA

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ભારતના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે “ક્રિષક સ્વર્ણ સમૃદ્ધિ સપ્તાહ” અને ટેકનોલોજી સપ્તાહના પ્રથમ દિવસની ઉજવણી કરવામાં આવી. દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ ખેડૂતોને આધુનિક તાંત્રિકતા અંગે જાગૃત કરતા સ્વર્ણ સમૃદ્ધિ રથનું પણ પ્રસ્થાન કરાવ્યું હતું.

દરમિયાન ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો મહત્તમ લાભ લેવા, ખેતપેદાશોની સારી આવક મેળવવા તેમજ કાયમી ધોરણો આત્મનિર્ભર થવા પર ભાર મુક્યો હતો.

-------------------

## DIVYANG BHARTI WEBSITE

રેલવે મંત્રાલયે દેશની પ્રથમ “દિવ્યાંગ અનુકુળ ભરતી” વેબસાઇટનો પ્રારંભ કર્યો છે.

મંત્રાલયે દિવ્યાંગજનો કોઈ પણ સહાય વગર રેલવેની ખાલી જગ્યાઓ માટે ઓનલાઇન આવેદન કરી શકે તે માટે આજે www.rrbapply.gov.in વેબસાઇટ શરૂ કરી છે. આ વેબસાઇટ આજે મુંબઇ ખાતે દેશના બધા જ રેલવે ભરતી બોર્ડ અધ્યક્ષોની સમીક્ષા બેઠક દરમિયાન ખુલ્લી મુકવામાં આવી હતી.

. . . . . . . . . . . . .